# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-09-2024** **Evening : 7.50 to 8.00**

**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

*****************************************************************************

- ✓ નવી દિલ્હીમાં આજે 54મી GST કાઉન્સિલની બેઠક યોજાઈ હતી.
- ✓ અબુ ધાબીના પ્રિન્સ ક્રાઉન સાથેની પ્રધાનમંત્રીની મુલાકાત બાદ પાંચ કરાર પર હસ્તાક્ષર
- ✓ રિયાધમાં આયોજિત ભારત-GCC સંયુક્ત મંત્રી સ્તરીય બેઠકમાં ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચે યુધ્ધ વિરામની હિમાયત કરતાં કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકર
- ✓ દેશમાં આ વર્ષે ખરીફ પાકની વાવણીમાં નોંધપાત્ર વધારો અત્યાર સુધીમાં એક હજાર 92 લાખ હેક્ટરમાં વાવેતર
- ✓ કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીએ ગાંધીનગરમાં 16 થી 18 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી રિ-ઇન્વેસ્ટ પરિષદની તૈયારીઓની સમીક્ષા કરી.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**NEW GST**

**નવી દિલ્હીમાં આજે 54મી GST કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે આ બેઠકની અધ્યક્ષતા કરી હતી જેમાં નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરી અને રાજ્યોના નાણા મંત્રીઓ પણ હાજર હતા. GST કાઉન્સિલની બેઠકમાં યુનિવર્સિટીની રિસર્ચ ગ્રાંટ પરથી જીએસટી હટાવવાનો નિર્ણયકરાયો છે.જ્યાર કેન્સરની દવાઓ ઉપર જીએસટી ઘટાડીને પાંચ ટકા કરાયો છે..**

## NEW FUR REV EVE UAE CROWN PRINCE VISIT

**ભારત અને UAEએ આજે પરમાણુ ઉર્જા અને પેટ્રોલિયમ સહિત વિવિધ ક્ષેત્રોમાં પાંચ કરાર પર હસ્તાક્ષર કર્યા. જેમાં અમીરાત ન્યુક્લિયર એનર્જી કંપની અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ વચ્ચે બરકાહ ન્યુક્લિયર પાવર પ્લાન્ટના સંચાલન અને જાળવણી પરના એમઓયુનો સમાવેશ થાય છે. અબુ ધાબી નેશનલ ઓઈલ કંપની અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ વચ્ચે લાંબા ગાળાના એલએનજી સપ્લાય માટેના કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન વચ્ચેની વાતચીત બાદ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.**

આ અગાઉ પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે દ્વિપક્ષિય વાતચીત કરી હતી. બંને નેતાઓએ બહુપક્ષીય ભારત-UAE સંબંધો અને નવા અને ઉભરતા ક્ષેત્રોમાં વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વિસ્તૃત કરવાના માર્ગો અંગે ચર્ચા કરી હતી. વાટાઘાટો બાદ પાંચ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા..

અમારા સંવાદદાતા જણાવે છે કે ક્રાઉન પ્રિન્સે રાજઘાટ પહોંચીને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સાથે પણ મુલાકાત કરી હતી.

**REV. JAISHANKAR-GCC MEETING**

આજે રિયાધમાં આયોજિત ભારત-GCC સંયુક્ત મંત્રી સ્તરીય બેઠકના ઉદ્ઘાટનમાં, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગાઝામાં ચાલી રહેલી પરિસ્થિતિ પર ભારતની સૈદ્ધાંતિક અને સુસંગત સ્થિતિ સ્પષ્ટ કરી હતી.

તેમણે કહ્યું હતુ કે ભારત  આતંકવાદ અને બંધક બનાવવાના કૃત્યોની નિંદા કરે છે, અમે નિર્દોષ નાગરિકોના સતત મૃત્યુથી ખૂબ જ દુઃખી છીએ. કોઈપણ પ્રતિભાવ માનવતાવાદી કાયદાના સિદ્ધાંતોને ધ્યાનમાં લેવો જોઈએ. અમે શક્ય તેટલી વહેલી તકે યુદ્ધવિરામનું સમર્થન કરીએ છીએ," તેમ પણ કેન્દ્રીય મંત્રી શ્રી જયશંકરે ઉમેર્યુ હતું..

પેલેસ્ટાઈનના મુદ્દા પરના ઉકેલ માટે નવી દિલ્હીના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો.

કતારના પ્રધાનમંત્રી અને વિદેશ પ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન અલ થાનીની અધ્યક્ષતામાં ભારત-GCC વ્યૂહાત્મક સંવાદ, ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ દેશોના વિદેશ પ્રધાનો અને ભારતના વિદેશ પ્રધાન એક મંચ ઉપર હતા..

તેમની ટિપ્પણીમાં, જયશંકરે ભારત અને GCC રાજ્યો વચ્ચે વૈશ્વિક શાંતિ, સુરક્ષા અને સ્થિરતા પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા સમકાલીન ભૂ-રાજનીતિમાં ગલ્ફ ક્ષેત્રની કેન્દ્રિયતા પર ભાર મૂક્યો હતો..

## JHARKHAND-SHIVRAJ

ભાજપના ઝારખંડ વિધાનસભા ચૂંટણી પ્રભારી અને કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 15 સપ્ટેમ્બરે રાજ્યની તેમની

મુલાકાત દરમિયાન પીએમ આવાસ યોજનાનો પ્રથમ હપ્તો લાભાર્થીઓના ખાતામાં ટ્રાન્સફર કરશે. શિવરાજસિંહ ચૌહાણે ઝારખંડની પ્રધાનમંત્રીની મુલાકાતની તૈયારીઓની સમીક્ષા કરી હતી.. તેમણે કહ્યું હતું કે પ્રધાનમંત્રીની જમશેદપુરની મુલાકાત દરમિયાન તેઓ , વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી ફરકાવશે. આ ઉપરાંત, શ્રી મોદી એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

## PM PEOPLES PADMA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રેરણારૂપ કામગીરી કરનારા વધુમાં વધુ લોકોને પદ્મ પુરસ્કારો માટે નામ નોંધાવવા અપીલ કરી છે. આ એવોર્ડ માટે નામાંકન કરવાનો 15મી સપ્ટેમ્બર છેલ્લો દિવસ છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ ઘણા નામાંકન થવા અગે ખુશી પણ વ્યક્ત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં, સરકારે અસંખ્ય પાયાના સ્તરે કામગીરી કરનારા હીરોને પીપલ્સ પદ્મથી સન્માનિત કર્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે પુરસ્કાર મેળવનારાઓની જીવનયાત્રા અસંખ્ય લોકો માટે પ્રેરણાદાયી છે..તેમની ધીરજ અને મક્કમતા તેમના નોંધપાત્ર કાર્યમાં સ્પષ્ટપણે દેખાય છે. કાર્યપ્રણાલીને વધુ પારદર્શક અને સહભાગી બનાવવાની ભાવના સાથે સરકાર વિવિધ પદ્મ પુરસ્કારો માટે અન્ય લોકોને નામાંકન માટે આમંત્રિત કરી રહી છે તેવો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો..: https://awards.gov.in. નામાંકન કરી શકાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## KHARIF-CROPS

દેશમાં આ વર્ષે ખરીફ પાકની વાવણીમાં નોંધપાત્ર પ્રગતિ નોંધાઈ છે, કુલ કવરેજ વિસ્તાર અત્યાર સુધીમાં એક હજાર 92 લાખ હેક્ટરને વટાવી ગયો છે. ગયા વર્ષે સમાન સમયગાળા દરમિયાન, ખરીફ હેઠળ અંદાજે 1 એક હજાર 69 લાખ હેક્ટરમાં વાવેતર થયું હતું. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે આજે ખરીફ પાક હેઠળના વિસ્તારના કવરેજ અંગેનો પ્રગતિ અહેવાલ બહાર પાડ્યો છે.

ડાંગરનું વાવેતર 409.50 લાખ હેક્ટરથી વધુ થયું છે, જે ગયા વર્ષના સમયગાળા દરમિયાન આશરે 393.57 લાખ હેક્ટર હતું. કઠોળનું વાવેતર 117 લાખ હેક્ટરથી વધુ થયું છે. બરછટ અનાજનું વાવેતર 189 લાખ હેક્ટરમાં થયું હતું જ્યારે તેલીબિયાંનું વાવેતર 193 લાખ હેક્ટરમાં થયું હતું. શેરડીનું વાવેતર 57 લાખ હેક્ટરથી વધુ થયું છે.

## SC UP TEACHERS

વર્ષ  2019 માં મદદનીશ શિક્ષક ભરતી પરીક્ષા દ્વારા પસંદ કરાયેલા 69 હજાર સહાયક શિક્ષકોની સુધારેલી યાદી તૈયાર કરવાના ઉત્તર પ્રદેશ સરકારને આપેલા અલ્હાબાદ હાઈકોર્ટના આદેશ પર સર્વોચ્ચ અદાલતે મનાઇ હુકમ ફરમાવી દીધો છે. જૂન 2020 અને જાન્યુઆરી 2022 માં રાજ્ય સત્તાવાળાઓ દ્વારા જારી કરવામાં આવેલ, 6 હજાર 800 સહાયક શિક્ષકોની યાદી તેયાર કરવાના આદેશ ઉપર પણ સર્વોચ્ચ અદાલતે સ્ટે મૂક્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેંચે રવિ કુમાર સક્સેના અને અન્ય 51 લોકો દ્વારા કરવામાં આવેલી અરજી પર સુનાવણી હાથ ધરી હતી. જેમાં  રાજ્ય સરકાર અને યુપી બેઝિક એજ્યુકેશન બોર્ડના સચિવ સહિત અન્યને પણ નોટિસ પાઠવી હતી. બેન્ચે કહ્યું કે તે આ મહિનાની 23મી તારીખથી શરૂ થતા સપ્તાહમાં વધુ  સુનાવણી નક્કી કરશે. ગયા

મહિનાની શરૂઆતમાં, હાઇકોર્ટે રાજ્ય સરકારને નવી પસંદગી યાદી તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો હતો

અનામત કેટેગરીના લોકોને કાયદાની જોગવાઈના પ્રમાણમાં પસંદ કરવામાં આવ્યા નથી તેવી અનેક અરજીઓ મળ્યા હાઇકોર્ટે રાજ્ય સરકારને નવી પસંદગી યાદી તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો.

## RE INVEST EXPO

કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહ્લાદ જોષીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રિ-ઇન્વેસ્ટ 2024ની તૈયારીઓની સમીક્ષા કરી હતી. ગાંધીનગરમાં આગામી 16થી 18 સપ્ટેમ્બર દરમિયાન ચોથા ગ્લોબલ રિ-ઇન્વેસ્ટ રિન્યૂએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પોનું આયોજન કરાયું છે, જેનો પ્રારંભ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરાવશે.

કેન્દ્રીય મંત્રીએ કાર્યક્રમ સ્થળ તેમ જ પ્રદર્શન હૉલ સહિતની જગ્યાએ તમામ વ્યવસ્થાઓની તૈયારીઓની સમીક્ષા કરી હતી. શ્રી જોશીએ નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય તેમ જ રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને કાર્યક્રમલક્ષી વિવિધ બાબતોની માહિતી મેળવી હતી. નાગરિકોની ભાગીદારી વધારવા તેમજ કાર્યક્રમને વધુ ભવ્ય બનાવવા મંત્રીશ્રીએ જરૂરી સૂચનો પણ કર્યા હતા.

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 29મી તારીખે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સમક્ષ તેમનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 114મી કડી હશે. લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત 1922 પર મિસ્ડ કોલ કરવાથી એસએમએસ પર મળેલી લિન્ક ઓપન કરીને પણ પ્રધાનમંત્રીને પોતાનાં

સૂચનો રજૂ કરી શકાશે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી ઓપન ફોરમ પર પણ ઓનલાઇન રજૂઆત કરી શકાશે. 27 સપ્ટેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ 29 સપ્ટેમ્બરે સવારે 11 વાગે આકાશવાણી અને દૂરદર્શનનાં તમામ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ બાદ તરત જ આકાશવાણી પર પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

## CBI- ARREST

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશને લાંચના કેસમાં દિલ્હી પોલ્યુશન કંટ્રોલ કમિટીના ઇજનેર  અને એક વચેટિયા સહિત બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. ટીમે 91 હજારથી વધુની લાંચની રકમની લેતા બંનેને રંગેહાથ ઝડપ્યા હતા. સીબીઆઈએ અહેવાલ આપ્યો છે કે સર્ચ દરમિયાન, એન્જિનિયરના પરિસરમાંથી લગભગ 2 કરોડ 39 લાખ રૂપિયા રોકડ મળી આવ્યા હતા. તપાસ એજન્સીએ એન્જિનિયર અને ચાર વચેટિયાઓ સામે કેસ નોંધ્યો છે

## BJP- MAMATA

કોલકત્તામાં R.G. કર હોસ્પિટલમાં તાલીમાર્થી ડૉક્ટર પર દુષ્કર્મ  અને હત્યાના કેસમાં નિષ્પક્ષ તપાસ માટે ભાજપે પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીના રાજીનામાની માંગ કરી છે.. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ મહિલાઓને સુરક્ષા આપવામાં નિષ્ફળ રહેવા બદલ કોલકાતા પોલીસ કમિશનરને બરતરફ કરવાની માંગ કરી હતી. શ્રી ભાટિયાએ કહ્યું કે

ભાજપ પશ્ચિમ બંગાળમાં પીડિત પરિવાર માટે ન્યાય અને મહિલાઓની સુરક્ષા ઈચ્છે છે.